પરિપત્ર

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૦૦૭-૪૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી. જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૨/૦૮/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવા બાબત.
સંદર્ભ:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯.

ઉપરોક્ત વિષય અન્વયે સદર્ભમાં દર્શાવેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯ તરફ આપનું ધ્યાન દોરી જણાવવાનું કે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર ઉક્ત કેલેન્ડરમાં દર્શાવેલ તા.૧૦/૧૦/૨૦૧૮ થી તા.૧૭/૧૦/૨૦૧૮ સુધીના સમયગાળા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવાનું રહેશે. તા.૧૮/૧૦/૨૦૧૮ના રોજ દશેરાની જાહેર રજા છે. શાળાઓમાં દિવાળી વેકેશન તા.૦૫/૧૧/૨૦૧૮ થી તા.૧૮/૧૧/૨૦૧૮ સુધી રહેશે. શાળાઓમાં બીજુ શૈક્ષણિક સત્ર તા.૧૯/૧૧/૨૦૧૮થી શરૂ થશે. તે મુજબનો ફેરફાર શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯માં કરવાનો રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯ની અન્ય વિગતો યથાવત રહેશે. આ અંગેની જાણ આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કરવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૮, સચિવાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

[illegible] પરિપત્ર-નવરાત્રી વેકેશન [illegible]

ક્રમાંક/બોર્ડ/જા.નં./૪૦૭૭/૪૫૭૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વડોદરા. તા.૦8/૦8/૨૦18

ઉપરોક્ત બાબતે યોગ્ય અમલવારી કરવા પત્ર [illegible] અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વડોદરા.

પ્રતિ
આચાર્યશ્રી તમામ —
મા. અને ઉ.મા. શાળાઓ
તમામ, જિ: વડોદરા.

Scanned by CamScanner